


# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

# DIGITAL PROSPECTUS

## DECENTRALIZED ONLINE ADMISSION FOR

## F. Y. B. C. A.

## (2022-2023)

# UNIVERSITY EMBLEM

The University emblem of VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY presents a circular crest with a spiral of a six pointed star enclosed within a symbol of the sun. The triple imaged emblem is framed by the name of the University in Gujarati on the rim of the left third; in English on the right third, and the motto of the University in Sanskrit on the lower third of the round frame. The motto is ***"SATYAM GYANAM ANANTAM"*** which means "Truth, Knowledge, Infinity." The three-part emblem illustrates this with the sun representing truth, the star representing knowledge and the spiral representing infinity.

## VISION

To be an institute of excellence in higher and technical education segment, sensitive to its regional needs and changing global realities.

## MISSION

In pursuance of its vision, Veer Narmad South Gujarat University offers different programmes through well designed curricular, co-curricular and extra-curricular activities; Undertakes research and reaches out to society at large with various extension activities, in order to empower its stakeholders for the world class skills in terms of research and enquiry, creativity and innovation, capacity to use high technology and value-based ethical leadership.

# શુભેચ્છા સંદેશ



સ્નાતક કક્ષાએ પ્રવેશની કામગીરી સંપૂર્ણ ઓનલાઈન તથા શ્રેષ્ઠતા અને ગુણવત્તાના ધોરણે પારદર્શક રીતે પૂર્ણ કરી શકાય. વિદ્યાર્થીઓએ પોતાના દસ્તાવેજોની ખરાઈ કરવા કોલેજ, યુનિવર્સિટી કે અન્ય કોઈ જગ્યાએ રૂબરૂમાં જવું ન પડે તે રીતનું આયોજન યુનિવર્સિટીએ  કરેલ છે. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન ઉદ્‌ભવતી મુઝવણના નિરાકરણ માટે કોલ સેન્ટર થકી હેલ્પલાઈનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ધોરણ ૧૨ની પરીક્ષા ઉત્તીર્ણ થઈને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે આપ સૌ આતુર છો, આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. જેના કારણે આપનું ભાવિ બંધાય છે, ઘડાય છે અને આપણામાં રાષ્ટ્રિયતાની ભાવના વધુ પ્રગાઢ બને છે તેવા ઉચ્ચ શિક્ષણના નવીન પાઠયક્રમો, નવું જ પર્યાવરણ અને નવા મિત્રો સાથે ભણવાનો આનંદ  જ અલગ હોય છે. આપણી યુનિવર્સિટી અને તેની સાથે સંલગ્ન કોલેજોમાં આજે સમયને અનુરૂપ અનેક પ્રકારના અભ્યાસક્રમોનું અધ્યાપન કાર્ય કરાવવામાં આવી રહયું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ નો અમલ પણ આગામી શૈક્ષણિક વર્ષથી થવાનો છે જેથી તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ થકી રાષ્ટ્ર નિમાર્ણ ના ભગીરથ કાર્યમાં જોડવાની તક મળશે.

સ્નાતક કક્ષાના વર્ગખંડોમાં આપ સૌ યોગ્ય શિક્ષણની સાથે સાથે નૈતિક મૂલ્યોનું શિક્ષણ પણ પ્રાપ્ત કરજો, જેના કારણે આપણો સમાજ તથા આપણું રાષ્ટ્ર સમૃધ્ધિ અને પ્રગતિને પંથે પ્રયાણ કરી શકે. આપ સૌ દેશના ભાવિ નાગરિકો છો અને દેશની પ્રગતિનો આધાર આપ સૌ વિદ્યાર્થીઓ છો. આપના શિરે આ સૌથી મોટી જવાબદારી છે. જેનું વહન આપ સૌ ઉત્તમ રીતે કરી શકશો તેવી મને શ્રધ્ધા છે અને આ ભગીરથ કાર્યમાં સૌ સફળ નીવડો તેવી પુનઃ શુભેચ્છાઓ પાઠવું છું. આ નાગરિક–ધર્મમાં સફળતા મેળવવા માટે શિક્ષણનાં ત્રણ પૂરક ઉપકરણો પૈકી પ્રવચનો, પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓનો આપ સૌ ભરપૂર ઉપયોગ કરજો. આ મંત્રને આપ સૌ આદર્શ માનીને આગળ વધજો, જેમાં આપનું જ નહીં પણ આપણા રાષ્ટ્રનું શ્રેય સમાયેલું છે. જે કોઈ રાષ્ટ્રનો વિચાર કરે છે તે સૌનો દેશબંધુ છે.

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિ**

# શુભેચ્છા સંદેશ



ઉચ્ચતરમાધ્યમિક શાળાની પરીક્ષા પસાર કરવા માટે આપ સૌને અભિનંદન પાઠવું છું અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના સ્નાતકના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે આવેદનપત્ર પ્રસ્તુત કરવા માટે ધન્યવાદ આપું છું.

આપ સૌ ઉચ્ચશિક્ષણમાં પ્રથમ પગલું માંડી રહયા છો. ઉચ્ચશિક્ષણ વિદ્યાર્થીઓ પાસેથી અમુક પ્રકારની તાલીમની ભૂમિકાની અપેક્ષા રાખે છે. અમુક પ્રકારના બૌધ્ધિક ગજાની અપેક્ષા રાખે છે, અમુક પ્રકારની પૂર્વતૈયારીની અપેક્ષા રાખે છે. આ અપેક્ષાઓ આપ પૂરી કરશો તેવી અપેક્ષા રાખું છું.

ઉચ્ચશિક્ષણ વિદ્યાર્થી પરત્વે ત્રણ કાર્યો કરે છેઃ તેનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવે છે, એટલે કે આત્મઅભિવ્યકિતનું કાર્ય કરે છે, તેને પોતાને માટે વિકાસની જે શ્રેષ્ઠ કક્ષા સંભવિત છે ત્યાં પહોંચવામાં, ઉંચે ઉઠવામાં સહાય કરે છે, એટલે કે આત્મઆવિષ્કારના કાર્યમાં મદદ કરે છે અને ત્રીજું તેના વિશિષ્ટ રસ, વલણ અને અભિરુચિને સ્વીકારી તેના આગવા વ્યકિતત્વને વિકસાવે છે. આપ સૌને આ કાર્યો આપની ભાવી કારકિર્દીમાં બહુ જ ઉપયોગી નીવડશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો ચાલી રહયા છે. આ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે સરળતાથી આવેદનપત્ર પ્રસ્તુત કરવા માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ સફળ રહેલ ઓનલાઈન સિસ્ટમને અપનાવવામાં આવેલ છે. જેનાથી વિદ્યાર્થીઓને પારદર્શી પ્રવેશ પ્રક્રિયાનો લાભ મળશે. હું આશા રાખું છું કે, આપને આપના મેરીટના ધોરણે આપની ઈચ્છિત સંસ્થામાં પ્રવેશ મળે. ઉચ્ચશિક્ષણમાં ડગ માંડવા માટે આપ સૌને શુભેચ્છાઓ આપું છું. પ્રવેશ પ્રક્રિયા સાથે સંકળાયેલ સહુ કોઈને ધન્યવાદ આપું છું.

(ડૉ. જયદીપ ચૌધરી)
કા. કુલસચિવ

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં
## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નોંધણી પ્રક્રિયાની જાહેરાત

**હાલ જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ માં અભ્યાસ કરી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ ની પરીક્ષા પહેલાજ ધોરણ ૧૦ ના પરિણામને આધારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઇન નોંધણી કરાવવાની થાય છે.**

ધોરણ ૧૨ ની પરીક્ષા લેવાયા પહેલાં પ્રવેશ માટે નોંધણી કરાવવાનો હેતુ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા જાણીને મહત્તમ વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના અભ્યાસક્રમમાં પ્રવેશ મળી શકે તે માટે આગોતરું આયોજન ગોઠવવાનો છે.

હાલ ફોર્મ ભરવા માટે કોઈપણ પ્રકારની ફી ભરવાની નથી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ વર્ષ **B.Com, B.Com. (Hons.), B.B.A, B.R.S, B.Sc, B.Sc (Computer Science), BCA** તથા યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા Five Year **Integrated B.Com LL.B (Hons.), Five Year Integrated M.Sc IT, Five Year Integrated M.Sc Biotechnology, Five Year Integrated M.R.S. in Sustainable Development, BFA (ફાઈન આર્ટસ), BID (ઇન્ટિરિયર ડિઝાઇનિંગ) તથા B.A Mass Communication** અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માં પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઇન અરજી કરવાની પ્રક્રિયા તારીખ ૧૨/૦૧/૨૦૨૨ ના રોજ બપોરે ૨.૦૦ કલાક પછી ચાલુ થશે.

**B.R.S. તથા Five Year Integrated M.R.S. in Sustainable Development** બંને માટે એક જ કોમન ફોર્મ ભરવાનું રહેશે તેજ રીતે **B.Com, તથા B.Com. (Hons.).** બંને માટે એક જ કોમન ફોર્મ ભરવાનું રહેશે. એ સિવાય ના પ્રત્યેક અભ્યાસક્રમ માટે અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

B.Com, B.Sc., BBA , તથા B.C.A ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે. (કયા ઝોનમાં

કઈ કઈ કોલેજો નો સમાવેસ કરવામાં આવેલ છે તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદ જ  ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી).

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતે જ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ, પોતાની શાળા અથવા નજીકની અન્ય શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થીઓ પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્ય વિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોક્યુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પ સેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮૮ પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન રહેશે, વિદ્યાર્થીએ નિયમિત રીતે પોતાનું ડેશબોર્ડ તથા યુનિવર્સીટી ની વેબસાઈટ ચેક કરવાની રહેશે,  ઓનલાઈન ફોર્મમાં વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો છે તેની પસંદગી કરવાની નથી.

આ તબક્કે ઓનલાઇન ફોર્મ ભર્યેથી વિદ્યાર્થીને પ્રત્યેક ફોર્મ માટે લોગીન આઈ.ડી. તથા પાસવર્ડ આપવામાં આવશે, જે વિદ્યાર્થીએ આગળની કાર્યવાહી માટે સાચવીને રાખવાનો રહેશે.

ધોરણ ૧૨ નું પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીને આપવમાં આવેલ લોગીન આઈ.ડી. તથા પાસવર્ડ થી લોગીન કરતાં વિદ્યાર્થીઓને પોતાના ડેશબોર્ડ પર "Complete Registration" નામની લિંક મળશે, તેના પર ક્લિક કરીને  વિદ્યાર્થીએ ધોરણ ૧૨ ના પરિણામની તથા અન્ય વિગતો ભરવાની/અપલોડ કરવાની રહેશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોક્યુમેન્ટ) ની સત્યતા બાબતે, ઓનલાઇન ફોર્મ માં વિદ્યાર્થીએ ભરેલ માહિતી બાતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

કુલ બેઠકો પૈકીની ૮૦% બેઠકો ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ માટે તથા કુલ બેઠકો પૈકીની ૨૦% બેઠકો CBSE તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવેલ છે.

નોંધ:.

1. B.A. ની પ્રવેશ પ્રક્રિયા જેતે કોલેજ ખાતે કરવામાં આવનાર હોવાથી કોલેજ નો સંપર્ક કરવાનો રહેશે.

2. MBBS, BHMS, B.Sc. Nursing, B. Optometry, B. Architecture તથા B. Physiotherapy ના પ્રવેશ યુનિવર્સિટી દ્વારા કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ દ્વારા કરવામાં આવતા નથી પરંતુ ગુજરાત સરકારશ્રી દ્વારા નિયુક્ત સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે માટે આ જાહેરાત આવા અભ્યાસક્રમોને લાગુ પડતી નથી.

તા. ૧૧/૦૧/૨૦૨૨ ઈ.ચા.કુલસચિવ

સ્થળ: સુરત

# B.C.A.

## Eligibility

ઉમેદવાર ધો. ૧૨(વિજ્ઞાન પ્રવાહ ) A / B / AB ગ્રુપ સાથે / સામાન્ય પ્રવાહ (બીઝનેશ મેથ્સ અથવા સ્ટેટેસ્ટીકસ અથવા ઈકોનોમીકસ માંથી કોઈ પણ એક)/ વોકેશનલ પ્રવાહ. અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોવું જરૂરી છે.

કુલ બેઠકો પૈકી ૫૫% બેઠકો ધોરણ–૧૨ના વિજ્ઞાન પ્રવાહ માટે તથા

કુલ બેઠકો પૈકી ૪૫% બેઠકો ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહ વોકેશનલ સ્ટ્રીમ સહીત

Candidate must have passed Standard 12th (H.S.C) Examination in Science (A, B, AB)/ General stream through Gujarat Higher Secondary Education Board (G.H.S.E.B.) or any other equivalent board (C.B.S.E., I.C.S.E.) with English and (Business Maths or Economics or Statistics as one of the subject.) / Vocational Stream.

(૧) વિદ્યાર્થી ધ્વારા યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. Online ફોર્મ ભરતા પહેલા upload કરવાના તમામ documents S.S.C. અને H.S.C ની માર્કશીટ (SC, ST, SEBC, (Non-Creamy layer) P.H., EWS, Sports) ની soft copy તૈયાર રાખવાની રહેશે. ઓછામાં ઓછી 100 KB તથા વધુમાં 300 KB વધુ ની સાઈઝની jpg અથવા jpeg ફાઈલ બનાવી ડાકયુમેન્ટ અપલોડ કરવાના રહેશે. ધોરણ–૧૦ તથા ધોરણ–૧૨ માં એક કરતા વધુ પ્રયત્નોથી પાસ થયેલા હોય તેવા કિસ્સામાં જે તે ધોરણની તમામ પ્રયત્નોની માર્કશીટોની એક જ પી.ડી.એફ. (વધુમાં વધુ 5 એમ.બી.) ફાઈલ બનાવી પી.ડી.એફ. ફોર્મેટમાં જ અપલોડ કરવાની રહેશે.

(૨) પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂા. ૨૦૦/– (Non Refundable) તથા ટોકન ફી રૂા. ૮૦૦/– (Refundable) એમ કુલ ૧૦૦૦/– નેટ બેન્કિંગ, ડેબિટ / ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે. અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

(૩) ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થી પાસે મોબાઈલ નંબર તથા પોતાનું ઈમેઈલ આઈડી હોવું ફરજિયાત છે. સૌ પ્રથમ વિદ્યાર્થીએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું રહેશે. જેમાં વિદ્યાર્થીને તેનો એપ્લીકેશન નંબર તથા પાસવર્ડ તેના મોબાઈલ તથા ઈમેઈલમાં મળશે. ત્યારબાદ પ્રાપ્ત થયેલ એપ્લિકેશન નંબર તથા પાસવર્ડની મદદથી વિદ્યાર્થીએ ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં માંગ્યા મુજબની તમામ વિગતો અચૂક ભરવાની રહેશે તથા તમામ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીએ પોતાને મળેલ પાસવર્ડ ગુપ્ત રાખવાનો રહેશે તથા તેને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવી રાખવો ખૂબ જરૂરી છે.

(૪) વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતેજ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતા પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી પાસે રૂા. ૫૦/– લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે.

(૫) ઓનલાઈન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઈન નંબર 0261-2388888 પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

(૬) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યવિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પસેન્ટર તરીકે કાર્યરત રહેશે.

(૭) પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરાઈ ગયા બાદ દરેક વિદ્યાર્થીએ પાતાના રેકોર્ડ માટે ભરાઈ ગયેલા ફોર્મની સોફટ કોપી અથવા પ્રીન્ટ રેકોર્ડ માટે સાચવીને રાખવાની રહેશે. કોઈ પણ વિદ્યાર્થીઓએ ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે કોલેજ પર જવાનું નથી. યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન વેરીફીકેશન કરવામાં આવશે.

(૮) **<u>અનામત બેઠકો</u>**

ગુજરાત સરકારશ્રીનાનિયમો અનુસાર જુદી જુદી કેટેગરીમાં અનામત બેઠકો અંગેની માહિતી નીચે પ્રમાણે છે. જો વિદ્યાર્થીઓ અનામત બેઠકોનો લાભ મેળવવો હોય તો સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર અવશ્યપણે રજૂ કરવાનું રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં આવતા નથી તે બાબતના પ્રમાણપત્રની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાંકીય વર્ષની હોય છે તે મુજબ અવધી પૂર્ણ થયેલી ન હોવી જોઈએ.

| ક્રમ | કેટેગરી | અનામતની ટકાવારી |
|---|---|---|
| ૧ | એસ. સી. | ૭% |
| ૨ | એસ.ટી. | ૧૫% |
| ૩ | એસ.ઈ.બી.સી. | ૨૭% |
| ૪ | ઈ.ડબલ્યુ.એસ. | ૧૦% |

એસ.સી. અને એસ.ટી. અને એસ.ઈ.બી.સી. કેટેગરીની ખાલી રહેલ બેઠકોને ઓપન કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે અને તે ખાલી બેઠકો પર ઓપન કેટેગરીના ઉમેદવારોને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત રાજય બહારના એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી. વિદ્યાર્થીઓને અનામત બેઠકનો લાભ મળવાપાત્ર નથી. જો તેમણે અનામત બેઠકનો લાભ મેળવવો હોય તો ગુજરાત સરકારનું સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉપરોકત તમામ અનામત બેઠક ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

બિનઅનામત વર્ગના Economically Weaker Section(EWS) કેટેગરીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ EWS માટેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે.

**<u>શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠકો અંગે :</u>**

૧. શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારો માટે બેઠકના ૫% બેઠક અનામત રહેશે (જે તે કેટેગરીમાં સમાવિષ્ટ) શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થી જો અનામત બેઠકોનો લાભ મેળવવા માંગતા હોય તો તેણે સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ ૪૦% કે તેના કરતા વધુ વિકલાંગતા દર્શાવતુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨. કુલ બેઠકો પૈકીની ૮૦ % બેઠકો ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ, ગાંધીનગર માટે તથા કુલ બેઠકો પૈકીની ૨૦ % બેઠકો તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવે છે.

૩. કાશ્મીરી સ્થળાંતરીત માટે કોલેજ કોર્ષ/પ્રોગ્રામ દીઠ બે સીટ અનામત રહેશે.

(૯) સ્પોર્ટસ કવોટાની બેઠકો માટે સિન્ડિકેટની તા. ૦૯/૦૬/૨૦૨૧ ની સભામાં નીચે મુજબ ઠરાવેલ છે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય કક્ષાએ અથવા રાજય કક્ષાએ ખેલકુદ / સાંસ્કૃતિક પ્રવૃતિઓ કે જે રમતગમત કે પ્રવૃતિઓ યુનિવર્સિટી દ્વારા જ પૈકીની આપણી યુનિવર્સિટી દ્વારા આગલા વર્ષમાં યોજાયેલ હોય, તેમા વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ગ્રાન્ટ–ઈન–એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં વર્ગદીઠ ૪ બેઠકોની ફાળવણી થઈ શકશે. અને તે માટે અલગ અરજી મંગાવી મેરીટ બનાવીને વિદ્યાર્થીઓનું કાઉન્સિલીંગ કરી યુવક કલ્યાણ વિભાગ દ્વારા કોલેજોમાં પ્રવેશો ફાળવવાના રહેશે.**

**વધુમાં ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમા સ્પોર્ટસ કવોટોમાં ફાળવાયેલી બેઠકોને સુપરન્યુમરી બેઠકો ગણી પ્રવેશ આપવા અને સ્વનિર્ભર કોલેજોમાં સ્પોર્ટસ કવોટોમાં ફાળવાયેલી બેઠકોને તે કોલેજોની કુલ બેઠકોના ભાગ તરીકે ગણીને પ્રવેશ આપવા.**

(૧૦) B.C.A. ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ,નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી એક કરતા વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે. (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેશ કરવામાં આવેલ છે. તેની વિગતો નીચે મુજબ છે.

**B.C.A._College_Division_&_Intake (2021-2022)**

| Surat Zone | | | | |
|---|---|---|---|---|
| **Sr. No.** | **College Name** | **College Type** | **Total Division** | **Total Intake** |
| 1 | VIVEKANAND COLLEGE FOR ADVANCED COMPUTER & INFORMATION SCIENCE, SURAT | SFI | 3 | **425** |
| 2 | C.B. PATEL COMPUTER COLLEGE & JAMANABEN NARROTTAMBHAI MOTIRAM PATEL SCIENCE COLLEGE, BHARTHANA, VESU, SURAT | SFI | 4 | **425** |
| 3 | PROF. V.B. SHAH INSTITUTE OF MANAGEMENT & R.V. PATEL COLLEGE OF COMMERCE (ENG. MED.), V.L. SHAH COLLEGE OF COMMERCE (GUJ. MED.), SUTEX BANK COLLEGE OF COMPUTER APPLICATION & SCIENCE, AMROLI, SURAT | SFI | 4 | **595** |
| 4 | SMT. TANUBEN & DR. MANUBHAI TRIVEDI COLLEGE OF INFORMATION SCIENCE, SURAT (WADIA BCA) | SFI | 2 | **170** |
| 5 | AMBABA COMMERCE COLLEGE, MANIBA INSTITUTE OF BUSINESS MANAGEMENT & DEVIBA INSTITUTE OF COMPUTER APPLICATION, SABARGAM, SURAT | SFI | 1 | **85** |
| 6 | VIMAL TORMAL PODDAR BCA COLLEGE,PANDESARA, SURAT | SFI | 2 | **255** |

| | | | | |
|---|---|---|---|---|
| 7 | UDHNA CITIZEN COMMERCE COLLEGE & S.P.B. COLLEGE OF BUSINESS ADMINISTRATION & SMT. DIWALIBEN HARJIVANBHAI GONDALIYA COLLEGE OF BCA & IT, SURAT | SFI | **3** | **595** |
| 8 | SHRI SHAMBHUBHAI V. PATEL COLLEGE OF COMPUTER SCIENCE & BUSINESS MANAGEMENT,SURAT | SFI | **4** | **340** |
| 9 | SHREE UTTAR GUJARAT BCA COLLEGE, SURAT | SFI | **2** | **255** |
| 10 | SMT. Z.S. PATEL COLLEGE OF MANAGEMENT & TECHNOLOGY, SURAT | SFI | **2** | **425** |
| 11 | M.L.PARMAR COLLEGE OF COMPUTER SCIENCE & I.T.,SURAT | SFI | **2** | **170** |
| 12 | SDJ INTERNATIONAL COLLEGE, VESU, SURAT | SFI | **4** | **680** |
| 13 | DOLLYBEN DESAI INSTITUTE OF COMPUTER & APPLIED SCIENCE, PALSANA, SURAT | SFI | **1** | **85** |
| 14 | PRABHU B.C.A. COLLEGE,UMRA, SURAT | SFI | **1** | **85** |
| 15 | VISHWABHARTI GIRLS INSTITUTE OF COMMERCE, MANAGEMENT AND COMPUTER APPLICATION, MORTHANA | SFI | **1** | **85** |
| 16 | ATMANAND SARASWATI SCIENCE COLLEGE, VARACHHA, SURAT | SFI | **2** | **170** |
| 17 | VIDHYADEEP INSTITUTE OF COMPUTER & INFORMATION TECHNOLOGY, KIM | SFI | **1** | **340** |
| | | | | |

## Valsad – Vapi Zone

| Sr. No | College Name | College Type | Total Division | Total Intake |
|---|---|---|---|---|
| 1 | GIDC RAJJU SHROFF ROFEL INSTITUTE OF MANAGEMENT STUDIES (BBA PROGRAMME) AND ROFEL SHRI G.M. BILAKHIA COLLEGE OF APPLIED SCIENCE (BCA PROGRAMME), VAPI | SFI | **2** | **170** |
| 2 | R.K. DESAI ACHCHHARIWALA COLLEGE OF COMPUTER & APPLIED SCIENCES, VAPI | SFI | **1** | **85** |
| 3 | DOLAT USHA INSTITUTE OF APPLIED SCIENCES & DHIRU-SARLA INSTITUTE OF MANAGEMENT & COMMERCE, VALSAD | SFI | **2** | **170** |
| 4 | SHRINATHJI COLLEGE OF COMPUTER APPLICATION, DAMAN | SFI | **1** | **85** |
| 5 | K. B. SUMERIA COMMERCE & NATARAJ PROFESSIONAL SCIENCE COLLEGE, VAPI | SFI | **1** | **85** |

## Navsari - Bilimora Zone

| Sr.No | College Name | College Type | Total Division | Total Intake |
|---|---|---|---|---|
| 1 | V.S. PATEL COLLEGE OF ARTS & SCIENCE, BILIMORA | SFI | **1** | **170** |
| 2 | NARANLALA COLLEGE OF PROFESSIONAL & APPLIED SCIENCES, NAVSARI | SFI | **2** | **170** |
| 3 | COLLEGE OF APPLIED SCIENCES AND PROFESSIONAL STUDIES, CHIKHLI | SFI | **2** | **170** |
| 4 | S.S. AGRAWAL COLLEGE OF COMMERCE & MANAGEMENT, NAVSARI | SFI | **2** | **255** |
| | | | | |

## Bardoli – Tapi Zone

| Sr. No | College Name | College Type | Total Division | Total Intake |
|---|---|---|---|---|
| 1 | SMT. R.P. CHAUHAN ARTS & SMT. J.K. SHAH & SHRI K.D. SHAH COMMERCE & K.R.P. DARJI INDOAMERICAN INSTITUTE OF COMPUTER SCIENCE,VYARA | SFI | **1** | **85** |
| 2 | THE MANDVI EDUCATION SOCIETY BBA, BCA AND SCIENCE COLLEGE, MANDVI | SFI | **1** | **85** |
| 3 | VIDYABHARTI TRUST COLLEGE OF BCA, UMRAKH, BARDOLI | SFI | **2** | **255** |
| 4 | GOVERNMENT SCIENCE COLLEGE(B.C.A), VALOD | SFI | **1** | **85** |
| | | | | |

## Bharuch - Narmada Zone

| Sr. No | College Name | College Type | Total Division | Total Intake |
|---|---|---|---|---|
| 1 | M.K. INSTITUTE OF COMPUTER STUDIES, BHARUCH | SFI | **2** | **170** |
| 2 | SHRI MANILAL KADAKIA COLLEGE OF COMMERCE, MANAGEMENT, SCIENCE & COMPUTER STUDIES, ANKLESHWAR | SFI | **1** | **85** |
| 3 | NARMADA COLLEGE OF SCIENCE & COMMERCE, ZADESHWAR | SFI | **1** | **85** |
| 4 | IQRA BCA COLLEGE, BHARUCH | SFI | **1** | **85** |
| | | | | |

**નોંધ :–**

**ઉપરોક્ત કોલેજોની યાદી તથા તેની બેઠકોની સંખ્યા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨ મુજબ દર્શાવેલ છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨–૨૦૨૩ દરમ્યાન જે કોલેજોમાં જેટલી બેઠકો પર પ્રવેશ કાર્યવાહી કરવામાં આવનાર છે તેની વિગતો કોલેજ જોડાણની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જાહેર કરવામાં આવશે.**

## B. C. A.

**Fees Structure:**

| Sr. No. | Head of Fees | Self-Financed B.C.A. Per sem. |
|---|---|---|
| 1 | Tuition Fee | 11,000 |
| 2 | Admission Fee (One Time) | 100 |
| 3 | Identity Card Fee (One Time) | 50 |
| 4 | Student Teacher's Welfare Activities Fee | 300 |
| 5 | Book & Equipment Fee | 300 |
| 6 | Student's Union Fee | 100 |
| 7 | Amenities Fee | 350 |
| 8 | Campus Development Fee | 100 |
| 9 | Internal Exam Fee | 125 |
| 10 | Enrolment Fee (One Time) | 100 |
| 11 | Enrolment Form Fee | 20 |
| 12 | Laboratory Fee (Including Computer Lab) | 1000 |
| 13 | College Deposit (Including online) | 100 |
| 14 | Library Deposit (One Time) (Including online) | 200 |
| 15 | University Campus Development Fee | 50 |
| 16 | University Sports & Cultural Activity Fee | 20 |
| 17 | University Sports Complex Development Fee | 20 |
| | Total | 13,935 |

**નોંધ :–** ઉપરોકત ફી પોસ્પેકટસમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨ મુજબ દર્શાવેલ છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨–૨૦૨૩ દરમ્યાન યુનિવર્સિટીની ફી નિર્ધારણ સમિતિ જો તેમાં કોઈ ફેરફાર કરે તો વિદ્યાર્થીને તે બંધનકર્તા રહેશે. અને વિદ્યાર્થીએ નવી નિર્ધારીત થયેલ ફી ભરવાની રહેશે.

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં મેરીટની ગણતરી

ધોરણ –૧૨ ના ટકાને આધારે (કુલ ગુણ માંથી મેળવેલ ગુણ પરથી ટકા નીકળશે)

ધોરણ–૧૨ ની પરીક્ષા એક કરતા વધારે પ્રયત્ને પાસ કરેલ હોય તો નીચે મુજબ ટકા કટ થશે.

| | |
|---|---|
| પ્રથમ પ્રયત્ને | ૦ |
| બીજા પ્રયત્ને | –૨ |
| ત્રીજા પ્રયત્ને | –૪ |
| ચોથા પ્રયત્ને | –૬ |
| પાંચ તથા પાંચ કરતા વધારે પ્રયત્ને | –૮ |

### B.C.A. ના અભ્યાસક્રમમાં

જો બે વિદ્યાર્થીઓના મેરીટ માર્કસ સરખા હશે તો નીચે મુજબ ની વિગતો ધ્યાને લેવામાં આવશે

(૧) બે માંથી જે વિદ્યાર્થીના ધોરણ–૧૦ ના માર્કસ વધુ હશે તેને અગ્રિમતા આપવામાં આવશે.

(૨) બન્ને વિદ્યાર્થીઓના ધોરણ–૧૦ ના માર્કસ પણ સરખા હશે તો જે વિદ્યાર્થીની ઉમર વધુ હશેતેને અગ્રિમતા આપવામાં આવશે.

(૩) જો બન્ને વિદ્યાર્થીઓની ઉમર પણ સરખી હશે તો જે વિદ્યાર્થીએ પહેલા ફોર્મ ભરેલ હશે તેને અગ્રિમતા આપવામાં આવશે.

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

તાપી, પૂર્ણા, સરિત નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારે માસ રસાળ.

સરળ પ્રકૃતિના સૌ લોકો આનન્દી, અભિજાત...
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

ભૃગુઋષિની પુણ્યભૂમિછે, ભૃગુકચ્છ મશહુર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય - ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નિશદિન કલકલ ધરતી.

સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

રાનીપરજ ને કાળીપરજના ભાતીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં, ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.

અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત...
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંકયો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટયું ગરવું ગુર્જરી-ગીત,
મુનશીજીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.

સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંકયો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાનને અનંતની એ છે ઉજ્જવલ ઉદ્‌ગાતા.
એના ગૌરવ, વિકાસ પ્રગતિ અમને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરવીશું સિદ્ધિની જયમાલા.

વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

રચયિતા - શ્રી ભગવતીકુમાર શર્મા



**Veer Narmad South Gujarat University, Surat**
Re-Accredited by NAAC with 'A' Grade
Udhna - Magdalla Road, SURAT - 395 007 ( GUJARAT )
Tele. Gram : VNSGU Tel : +91 - 261 - 222 71 41 to 46

Visit us at : www.vnsgu.ac.in

Published by : I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat